# વિતરણ વ્યવસ્થાપક (ડિસ્ટ્રીબ્યુશન મેનેજર)

વિતરણ વ્યવસ્થાપક ઉત્પાદનોનું ક્યારે, ક્યાં અને કેવી રીતે વિતરિત કરવામાં આવશે તે નક્કી કરે છે. તેઓ વિતરણ શૃંખલાઓને લગતી બાબતોનું પૂર્વાનુમાન લગાવવા માટે માહિતી પ્રણાલીઓ અને સૉફ્ટવેરનો ઉપયોગ કરે છે, અને એક અસરકારક કાર્યક્રમના અમલીકરણ પર કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વસ્તુઓને વ્યવસ્થિત રાખવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છે




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૭૧,૦૦૦ થી ૧૬,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (વાણિજ્ય પ્રવાહ ઈચ્છનિય છે.)

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/બિઝનેસ મેનેજમેન્ટમાં સ્નાતક (BBA / BBM) ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, તે જ વિષયમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વિતરણ વ્યવસ્થાપકનું અંદાજીત માસિક વેતન
રૂ. ૨૧,૦૦૦ થી ૧,૬૭,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Distribution_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉત્પાદન એકમો, ખાનગી અને જાહેર ઉત્પાદન કંપનીઓ, ઈ-કોમર્સ કંપનીઓ, કુરિયર કંપનીઓ, નાના અને મોટા ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો, શિપિંગ કંપનીઓ, સશસ્ત્ર દળો વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણઃ** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સ્ટોર્સ વિતરક → પ્રોસેસ સુપરવાઈઝર → વેરહાઉસ સુપરવાઈઝર → વિતરણ વ્યવસ્થાપક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્ટોર ડિસ્ટ્રીબ્યુટર, વેરહાઉસ ક્લાર્ક, ડિસ્ટ્રીબ્યુશન મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દીનદયાલ ઉપાધ્યાય કોલેજ, નવી દિલ્હી
૨. આઈઆઈએમ, અમદાવાદ
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા, વડોદરા
૪. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. ડીડીયુ, નડિયાદ
૮. આઈ.આઈ.ટી.ટી.એમ., ગ્વાલિયર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. રાયસોની ગ્રૂપ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સ, મહારાષ્ટ્ર
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ
૪. શરણબસવ યુનિવર્સિટી, ગુલબર્ગા
૫. ઈન્સ્ટિટયુટ ઓફ લૉજિસ્ટિક એન્ડ એવિયેશન, અમદાવાદ
૬. ઓક્સબ્રિજ બિઝનેસ સ્કૂલ, બેંગલુરૂ
૭. જીયુએનઆઈ, મહેસાણા
૮. નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ એક્સેલન્સ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અલકા લુથરા,** ૯ વર્ષથી લુબ્રિઝોલ ખાતે ગ્લોબલ મેનેજર, સેગમેન્ટ (ઓરલ કેર) અને મેનેજર ડિસ્ટ્રીબ્યુશન (ઉત્તર અમેરિકા) તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેણીએ ફાર્માસ્યુટિક્સમાં એમ.ફાર્મની પદવી હાંસલ કરેલ છે ત્યારબાદ, તેણીએ એસ.વી.કે.એમ.ની નરસી મોંજી ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝમાંથી માર્કેટિંગ મેનેજમેન્ટમાં ડિપ્લોમા પૂર્ણ કર્યો. લુબ્રિઝોલ એ કેમિકલ્સ અને સંબંધિત ઉત્પાદન ઉદ્યોગનો એક ભાગ છે અને ઓહિયો, યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થિત છે.*

સ્રોતઃ https://www.zoominfo.com/p/Alka-Luthra/2069236482

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.